સવારે ચા, સાંજે
અકિલા
AKILA RAJKOT

# રોડ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન માટે ગુજરાત લોજિસ્ટિકસને એપોલો સી.વી. એવોર્ડ

(કેતન ખત્રી દ્વારા) અમદાવાદ તા.૨૨ : મુન્દ્રા પોર્ટ સ્થિત કંટેનર ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલ ગુજરાત લોજિસ્ટિકસને ટ્રાન્સપોર્ટ અને ઓટો ઉધોગના પ્રતિષ્ઠિત એવોર્ડ એપોલો સી.વી એવોર્ડસ ૨૦૧૭માં સ્મોલ ફલીટ ઓપરેટર ઓફ ધી યર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે.

જેમાં ગુજરાત લોજિસ્ટિક્સના પાર્ટનર દિપક ઠક્કર અને રાજેશ મઢવીને વોલ્વો આઈસરના ચીફ ટેકનોલોજી ઓફિસર રાજિંદરસિંગ સચદેવના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો.

એવોર્ડ સમારંભમાં નલિન મહેતા એમ.ડી.મહિન્દ્રા ટ્રક એન્ડ બસ, આર.રામકુષ્ણ , સીનિયર વાઈસ- પ્રેસીડેન્ટ ,ટાટા મોટર , વિનોદ અગ્રવાલ સી.ઈ.ઓ વોલ્વો. આઈસર , માર્કસ વીલ્લિગેર એમ.ડી. ડેમલર ઈંડિયા, જી રઘુરામ, ડીરેક્ટર, આઈ આઈ એમ, અમદાવાદ તથા અન્ય ઓટો ઉધોગ સાથે સંકળાયેલ વિવિધ નામાંકિત અગ્રણીઓ અને ભારત સરકાર, રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીના ઉચ્ચ અધિકારી ઓ પણ ઉપસ્થિત રહેલ હતા.૦૦૦(૨૩.૬)